### લોકઅપના બદલે ઉપરના માળે બેસાડેલો આરોપી પોલીસની નજર ચૂકવી અંધારાનો લાભ લઈ ખેતરોમાં નાસી છૂટ્યો

# ઉમરેઠ પોલીસ સ્ટેશનના કમ્પ્યુટર રૂમમાંથી રીઢો બુટલેગર છૂમંતર થયો

**'ગભરામણ'નું** બહાનું કાઢી કરામત કરી, સીસીટીવીમાં સમગ્ર ઘટના કેદ થઇ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.૧૭

ઉમરેઠ પોલીસ મથકેથી પ્રોહિબિશનના ગુનામાં પકડાયેલો એક રીઢો આરોપી મોડી રાત્રે પોલીસ કર્મચારીઓની નજર ચૂકવી, પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાંથી નાસી છૂટતા સમગ્ર પોલીસ બેડામાં ભારે દોડધામ મચી ગઈ છે. આરોપીએ શારીરિક તકલીફનું બહાનું બતાવતા તેને લોકઅપમાં રાખવાને બદલે કમ્પ્યુટર રૂમમાં રાખવામાં આવ્યો હતો, જેનો લાભ ઉઠાવી તે ફરાર થઈ ગયો હતો.

ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશન અને ભારતીય ન્યાય સંહિતાના ગુનાઓમાં સંડોવાયેલા આરોપી પરવતભાઈ ઉર્ફે ભગત ગોતાભાઈ પઢીયાર (ઉ.વ. પર, રહે. વીંઝોલ, તા. ઠાસરા) ને ઉમરેઠ પોલીસની ટીમે ડાકોર ખાતેથી ઝડપી પાડ્યો હતો. પોલીસ સ્ટેશન લાવતી વખતે આરોપીએ છાતીમાં દુખાવો અને ગભરામણ થતી હોવાનું જણાવતા પોલીસ તેને તાત્કાલિક સામુહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ઉમરેઠ ખાતે મેડિકલ ચેકઅપ માટે લઈ ગઈ હતી.

આ સારવાર બાદ પરત લાવેલા આરોપીને ગભરામણની ફરિયાદને કારણે માનવતાવાદી અભિગમ કે બેદરકારી દાખવી લોકઅપમાં રાખવાને બદલે પોલીસ સ્ટેશનના ઉપરના માળે આવેલ કમ્પ્યુટર રૂમમાં બેસાડવામાં આવ્યો હતો. રાત્રે આશરે ૧૦:૫૦ વાગ્યે, જ્યારે અન્ય પોલીસ અધિકારીઓ અન્ય કેસના બંદોબસ્તમાં વ્યસ્ત હતા, ત્યારે આરોપી પરવતભાઈ વોચ પર રહેલા કર્મચારીઓની નજર ચૂકવી કમ્પ્યુટર રૂમમાંથી નીચે ઉતરી ગયો હતો.

### કેવી રીતે ભાગ્યો બુટલેગર ?

સીસીટીવી કેમેરા ચેક કરતા ચોંકાવનારી વિગતો સામે આવી છે. બિલ્ડિંગના મુખ્ય દરવાજામાંથી બહાર નીકળી, જમણી સાઈડ થઈ પાછળના ભાગે આવેલા લોખંડના ગેટમાંથી અંધારાનો લાભ લઈ ભાગ્યો હતો. તે નગરપાલિકાના વાહનો પાર્ક કરેલા છે તે તરફ થઈને ખેતરાળુ રસ્તે દોડીને અદ્રશ્ય થઈ ગયો હતો. આ ઘટના બાદ પોલીસ કોન્સ્ટેબલ મુળરાજસિંહની ફરિયાદના આધારે ઉમરેઠ પોલીસે ગુનો નોંધ્યો હતો.

### ડાકોર પોલીસ સાથેનું કનેક્શન શંકાના દાયરામાં આવ્યું

ડાકોર - ઉમરેઠ પંથકમાં ચર્ચા છે કે પરવત પઢિયાર ડાકોર પોલીસના અમુક વર્ષોથી એક જ સ્થાને જામી પડેલા કર્મચારીઓની છત્રછાયામાં પોતાનો કાળો કારોબાર ધમધમાવે છે. ઉમરેઠમાં પકડાયેલા દારૂના તાર ડાકોરના બુટલેગર સાથે જોડાતા હવે ડાકોર પોલીસની ભૂમિકા પણ તપાસનો વિષય બની છે. જો ઉચ્ચ અધિકારીઓ દ્વારા નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો બંને પોલીસ સ્ટેશનના અનેક કર્મચારીઓની સંડોવણી બહાર આવી શકે તેમ છે.

### ખેડાના વાત્રક બ્રિજ પર બે ટ્રકો વચ્ચે ભીષણ અકસ્માત, ક્રેનની મદદથી ડ્રાઈવરનો આબાદ બચાવ




ખેડામાં સોમનાથ મહાદેવ પાસે આવેલા વાત્રક બ્રિજ નજીક બે મોટી ટ્રકો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત એટલો જોરદાર હતો કે એક ટ્રકના ડ્રાઈવરનો પગ કેબિનમાં ફસાઈ ગયો હતો. આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. સ્થાનિકોએ ક્રેનની મદદ મેળવી ભારે જહેમત બાદ ફસાયેલા ડ્રાઈવરને બહાર કાઢ્યો હતો. બાદ, ઈજાગ્રસ્ત ડ્રાઈવરને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે ખેડા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માતને પગલે હાઈવે પર ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો, જેના કારણે વાહનચાલકો અટવાયા હતા. આ બનાવની જાણ થતા જ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને ટ્રાફિક હળવો કરવાની કામગીરી સાથે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# કડાણા પાસે ઝાડ સાથે કાર અથડાતાં યુવકનું કરુણ મોત

**બાલાસિનોરના** યુવકનું કરુણ મોત, ચાર મિત્રો ગંભીર રીતે ઘવાયાં

(પ્રતિનિધિ) કડાણા તા.૧૭

કડાણા તાલુકાના ગરેણીયા ગામ પાસે રવિવારે રાત્રે એક કરુણ અકસ્માત સર્જાયો હતો, જેમાં મિત્રના જન્મદિવસની ઉજવણી કરવા ગયેલા યુવાનોની ખુશી માતમમાં ફેરવાઈ ગઈ હતી. કાર રોડ સાઈડના ઝાડ સાથે ધડાકાભેર અથડાતા બાલાસિનોરના રવિભાઈ રાજેન્દ્રકુમાર પ્રજાપતિ નામના યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

ગોધરાના ભાવિકભાઈ રાણાનો જન્મદિવસ હોવાથી લુણાવાડા અને બાલાસિનોરના મિત્રો કાર લઈને રાજસ્થાનના પુનાવાડા ફરવા ગયા હતા. રાત્રે સાડા દશેક વાગ્યાના અરસામાં પુનાવાડાથી પરત લુણાવાડા આવી રહ્યા હતા, ત્યારે ગરેણીયા ગામના એક વળાંક પાસે ચાલક મયંકભાઈ રાણાએ સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બનેલી કાર રોડની સાઈડમાં આવેલા એક ઘટાદાર ઝાડ સાથે અથડાતા ગાડીના ફુરચા ઉડી ગયા હતા.

આ અકસ્માતમાં રવિભાઈ પ્રજાપતિનું ગંભીર ઈજાઓના કારણે મોત નીપજ્યું હતું, જ્યારે કારમાં સવાર અન્ય ચાર મિત્રો - જૈમીનભાઈ ડાભી, ભાવિકભાઈ રાણા, દક્ષેશભાઈ રાણા અને ચાલક મયંકભાઈને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. કડાણા પોલીસે આ મામલે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પેટલાદ તાલુકા પંચાયતના પ્રમુખનું હેડ-ક્વાર્ટર્સ હવે 'બામરોલી' કરાયું

# પેટલાદ તાલુકા પંચાયતની ખાસ સભા માત્ર ૧૫ મિનિટમાં આટોપાઈ

**કારોબારી** સમિતિના ચેરમેન તરીકે બ્રિજેશ પટેલ અને સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ તરીકે જયેશ પરમારની વરણી કરાઇ

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૭

પેટલાદ તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણી ગત 26મી એપ્રિલના રોજ યોજાઈ હતી. જેનું પરિણામ જાહેર થયા બાદ તા.23 મે ના રોજ પ્રમુખ - ઉપપ્રમુખની ચુંટણી પણ સંપન્ન થઈ હતી. આજે તાલુકા પંચાયતની વિવિધ સમિતીઓની રચના બાબતે ખાસ સામાન્ય સભા યોજાઈ હતી. જે લગભગ અડધો કલાક મોડી શરૂ થઈ માત્ર પંદર મિનીટમાં પૂર્ણ થઈ ગઈ હતી. આ સભામાં પ્રમુખનું હેડ-ક્વાર્ટર્સ બામરોલી રાખવાનો ઠરાવ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો હતો.

પેટલાદ તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણી 28 બેઠકો માટે યોજાઈ હતી. જેમાંથી 26 બેઠકો સાથે ભાજપને સ્પષ્ટ બહુમત મળ્યો હતો. જ્યારે કોંગ્રેસ તથા અપક્ષ એક - એક બેઠકમાં જ સમેટાઈ ગઈ હતી. ભાજપ સત્તા સ્થાને આવ્યા બાદ પ્રમુખ પદે રણજીતસિંહ પરમાર (બામરોલી) અને ઉપપ્રમુખ પદે જ્યોતિબેન સોલંકી (ધર્મજ-2) ની બિનહરીફ વરણી થઈ હતી. ત્યારબાદ આજરોજ કારોબારી અને સામાજીક ન્યાય સમિતીની રચના કરવા ખાસ સામાન્ય સભા મળી હતી. આજની સભા બપોરે 2.30 કલાકના બદલે લગભગ અડધો કલાક મોડી શરૂ થઈ હતી. જો કે આ સભા 15 મિનીટમાં પૂર્ણ થઈ હતી.

આજની સભામાં ગત પ્રોસિડીંગને બહાલી, ઠરાવોનું અમલીકરણ, ગેરહાજર સભ્યોના રીપોર્ટ વગેરે કામો સર્વાનુમતે મંજુર થયા હતા. ઉપરાંત પેટલાદ તાલુકા પંચાયતના પ્રમુખનું રહેઠાણ મુજબ હેડ-ક્વાર્ટર્સ બામરોલી ખાતે રાખવાનું નક્કી કરતો ઠરાવ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું. આજની સભાના એજન્ડા પ્રમાણે કારોબારી ચેરમેન તરીકે બ્રિજેશ પટેલ (પંડોળી-1) તથા સામાજીક ન્યાય સમિતીના અધ્યક્ષ પદે જયેશ પરમાર (ચાંગા-1) ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. તાલુકાના માણેજ પંચાયતના સરપંચે આપેલ રાજીનામું નામંજુર કરતો ઠરાવ પણ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો હતો. પેટલાદ તાલુકા પંચાયતની સભાના અંતે પ્રમુખે જણાવ્યું હતું કે સભ્યો વધુ અને સમિતી માત્ર બે હોવાથી દરેકને સંતોષ આપી શકાય તેમ નથી. પરંતુ વારાફરતી લાભ મળે તેવા પ્રયત્નો કરવામાં આવશે.

# આણંદ : નાના દરની ચલણી નોટો અને સિક્કાની અછત

**૧૦, ૨૦, ૫૦ના** મુલ્યની નોટોની તંગીથી વેપારને અસર

(પ્રતિનિધિ) આણંદ તા.૧૭

આણંદ જિલ્લામાં મોટાભાગની ચીજવસ્તુઓ ઓનલાઈન મળતી થઇ ગઈ હોવાથી સ્થાનિક નાના વેપારીઓની હાલત ખરાબ થઈ રહી છે. એવામાં વેપારીઓ માટે એક નવી મોકાણ સર્જાઈ હોવાનું જાણવા મળે છે. બજારમાં નાના દરની ચલણી નોટો જેમાં રૂ. ૧૦, ૨૦, ૫૦ના મુલ્યની નોટો અને ૧, ૨, ૫, ૧૦ અને ૨૦ના દરના ચલણી સિક્કાની ભારે અછત સર્જાઇ છે. ગ્રાહકો દુકાનોમાં કે લારી-ગલ્લા પર ખરીદી કરે છે ત્યારે વેપારીઓ છુટ્ટા પૈસાની માંગણી કરે છે. ગ્રાહકો પાસે છુટ્ટા પૈસા નહીં હોય તો માલ ખરીદી કરતા નથી. જેથી નાના વેપારીઓના વેપારને અસર પહોંચી છે.

વેપારીના જણાવ્યાનુસાર, જિલ્લાની બેંકોમાં નાના દરની ચલણી નોટોની માંગણી કરીએ તો ના પાડવામાં આવે છે. કેટલાક મેનેજરોએ ઓફ ધી રેકર્ડ જણાવ્યું કે. બેંકોમાં નાના દરની ચલણી નોટોની લિક્વિડિટી ઘટી ગઈ સાયબર કોડ થવાની ઘટનાઓમાં સતત વધારો થયો છે . જેથી અપવાદ રૂપ ખરીદીને બાદ કરતાં રોકડનુ ચલણ વધ્યું છે. અને ફરી રોકડ પેમેન્ટ કરવા માટે જરૂરી નાના દરની નોટોની અછત સર્જાઈ છે. સાયબ ફ્રોડના વધતા કેસને કારણે લોકો ડિજિટલ પેમેન્ટ બંધ કરી રોકડ વ્યવહાર તરફ વળતા ચિલ્લરની સમસ્યા સર્જાઈ છે. જ્યારે સરકારે ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ તરફ વાળવા પ્રયાસ કરવો જોઈએ.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### બોરસદના રાસ ગામમાં 'જનકલ્યાણ શિબિર'માં વિવિધ યોજનાના લાભોનું વિતરણ કરાયું

**બોરસદ |** વડાપ્રધાનના નેતૃત્વમાં ૧૨ વર્ષના સુશાસન નિમિત્તે બોરસદના રાસ ગામે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં 'જનકલ્યાણ શિબિર' યોજવામાં આવી હતી. આ શિબિરમાં આયુષ્યમાન કાર્ડ, પીએમ સૂર્યઘર અને વિવિધ પેન્શન યોજનાઓ સહિત ૧૫થી વધુ સરકારી યોજનાના લાભોનું મંત્રીના હસ્તે સ્થળ પર જ વિતરણ કરાયું હતું. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું કે સરકાર કોઈ પણ ભેદભાવ વિના સમાજના છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડવા અને અંત્યોદયના સંકલ્પને સિદ્ધ કરવા પ્રયત્નશીલ છે.



### ચિખોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન કેમ્પમાં ૨૮ યુનિટ રક્ત એકત્રિત કરાયું



**આણંદ |** આણંદ જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ ચિખોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે માનવતાના ઉમદા કાર્ય માટે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય ટીમ દ્વારા આ કેમ્પમાં કુલ ૨૮ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું છે. રેડ ક્રોસ સોસાયટીના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં તમામ રક્તદાતાને પ્રમાણપત્ર એનાયત કરી તેઓની નિષ્ઠાને બિરદાવવામાં આવી હતી. દર્દીઓની આકસ્મિક જરૂરિયાતને પહોંચી વળવા માટે આયોજિત આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન તાલુકા હેલ્થ કચેરીની ટીમ દ્વારા કરાયું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદમાં ભારત વિકાસ પરિષદ દ્વારા દિવ્યાંગ બાળકો માટે ભોજન સેવા યોજાઇ



**નડિયાદ |** ભારત વિકાસ પરિષદ નડિયાદ દ્વારા અંધજન મંડળ સંચાલિત 'સ્નેહ સ્કૂલ'ના દિવ્યાંગ બાળકો માટે સ્વાદિષ્ટ ભોજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યમાં હસમુખભાઈ પટેલનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો, જેમાં બાળકોએ પ્રેમપૂર્વક ભોજનનો આનંદ માણ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ અમિત સોની, ટ્રેઝરર દિવ્યેશ શાહ અને મહિલા સંયોજિકા કૃતિબેન પટેલ સહિતના અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. શાખા વાલી કુમુદભાઈ ગોર અને કારોબારી સભ્યો તેમજ શાળાના સ્ટાફગણના સહયોગથી આ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### અનુભવ પ્લાસ્ટનો 24 કરોડનો SME IPO 19 જૂનથી ખુલશે, સ્ટીલ પાઇપ્સ ક્ષેત્રની કંપની બજારમાં ઉતરશે

**વડોદરા |** ઇઆરડબલ્યુ સ્ટીલ પાઇપ્સ, ટ્યુબ્સ અને સ્ટીલ ટ્યુબ્યુલર પોલ્સના ઉત્પાદક અનુભવ પ્લાસ્ટ લિમિટેડે તેના 24 કરોડના SME IPOની જાહેરાત કરી છે. BSE SME પ્લેટફોર્મ પર લિસ્ટ થનારો આ ઇશ્યૂ 19 જૂન, 2026ના રોજ ખુલશે અને 23 જૂને બંધ થશે. કંપની 30 લાખ નવા ઇક્વિટી શેર દ્વારા ભંડોળ ઊભું કરશે. શેરની કિંમત 77થી 80 પ્રતિ શેર નક્કી કરવામાં આવી છે. રોકાણકારો માટે લોટ સાઇઝ 1,600 શેરની છે અને ઓછામાં ઓછું બે લોટ એટલે કે 3,200 શેર માટે અરજી કરી શકાશે. અપર પ્રાઇસ બેન્ડ મુજબ રિટેલ રોકાણકારો માટે લઘુત્તમ રોકાણ 2.56 લાખ રહેશે. કંપનીના શેરોનું સંભવિત લિસ્ટિંગ 29 જૂનના રોજ થશે.'અનુભવ' બ્રાન્ડ હેઠળ કાર્યરત કંપની સ્ટ્રીટ લાઇટિંગ, પાવર ટ્રાન્સમિશન, ટેલિકોમ, સિંચાઈ અને બાંધકામ ક્ષેત્ર માટે ઇઆરડબલ્યુ સ્ટીલ પાઇપ્સ અને ટ્યુબ્યુલર પોલ્સનું ઉત્પાદન કરે છે.નાણાકીય વર્ષ 2024-25માં કંપનીની આવક 98.31 કરોડ અને કરપશ્ચાત નફો 6 કરોડ રહ્યો હતો, જે અગાઉના વર્ષ કરતાં નોંધપાત્ર વધારો દર્શાવે છે. કેપિટલસ્ક્વેર એડવાઇઝર્સ આ ઇશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે.

### ઉમરેઠના વિવિધ વિસ્તારોમાં નવા RCC રોડનું ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

**ઉમરેઠ |** ઉમરેઠના વોર્ડ નં. ૪ની કાકાની પોળ, ત્રણ પોળ અને પંચવટી વિસ્તારમાં નવા RCC રોડ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ધારાસભ્ય હર્ષદભાઈ પરમાર અને પાલિકા પ્રમુખ મીનાબેન પટેલની ઉપસ્થિતિમાં કાકાની પોળ ખાતે વિધિવત ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. આ પ્રસંગે પાલિકાના વિવિધ સભ્યો હાજર રહ્યા હતા અને સ્થાનિક વિકાસ કાર્યોને પ્રાધાન્ય આપવાની ખાતરી આપી હતી. નગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં શહેરના અન્ય વિસ્તારોમાં પણ તબક્કાવાર નવા રસ્તાઓ બનાવવાનું આયોજન હાથ ધરાશે.



### આણંદ કૃષિ યુનિ. દ્વારા નાની દેવતી ગામે 'ખેત બચાઓ અભિયાન' અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**આણંદ |** કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ અને અરવિંદ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે સાણંદના નાની દેવતી ગામે ૫૬ ખેડૂત બહેનો માટે વિશેષ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો. વિરેન્દ્ર પરમારે ખેતીમાં લીલો પડવાશ, વિવિધ પ્રકારના ખોળ અને જૈવિક ખાતરના ઉપયોગ અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં ડો.નીલેશ મકવાણાએ પ્રાકૃતિક ખેતી અપનાવવા સલાહ આપી હતી, જ્યારે ડો. નીતિન પટેલે પશુ આહાર વ્યવસ્થાપન અંગે ખેડૂત બહેનોને માર્ગદર્શન આપ્યું હતું.

### નડિયાદ શહેરના સંતરામ 'તપોવન' કેન્દ્રમાં સાધ્વી ઋતુંભરાજીએ મુલાકાત લીધી

**નડિયાદ |** નડિયાદ સંતરામ મંદિર સંચાલિત ગર્ભસંસ્કાર કેન્દ્ર 'તપોવન' ખાતે પરમ પૂજ્ય સાધ્વી ઋતુંભરા દીદીએ પધારી ગર્ભવતી માતાઓ અને બાળકોને આશીર્વાદ આપી કૃતજ્ઞ કર્યા હતા. તેમણે જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિ મુજબ માતાએ હકારાત્મક વાતાવરણમાં રહી ભક્તો અને વીરાંગનાઓની કથાઓનું શ્રવણ-મનન કરવું જોઈએ, જેથી બાળકનું જીવન સંસ્કારો સાથે તેજસ્વી બને. પ્રહલાદ અને અભિમન્યુના પ્રસંગો દ્વારા ગર્ભસંસ્કારનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે કો-ઓર્ડિનેટર રાહુલ દવેએ સંસ્થાની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી આપી હતી અને ઉપસ્થિત સંતોનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું.




### આણંદના ડો.ફરહીન બહાદરપુરવાલાએ કેમેસ્ટ્રીમાં પીએચડીની પદવી મેળવી

**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટીના કેમેસ્ટ્રી વિભાગમાં ડો. કોમલ વ્યાસના માર્ગદર્શન હેઠળ ડો. ફરહીન બહાદરપુરવાલાએ Ph.D.ની પદવી હાંસલ કરી છે. આ સિદ્ધિ દ્વારા તેમણે મિલ્ક સિટી આણંદ, મુસ્લિમ સમાજ અને ચરોતર ૧૪ અટક વ્હોરા સમાજનું નામ રોશન કર્યું છે. શહેરના શિક્ષણ ક્ષેત્રના તજજ્ઞો, પ્રોફેસરો અને વિવિધ સમાજના અગ્રણીઓએ તેમને આ મોટી સફળતા બદલ ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યા છે. ડો. ફરહીનની આ શૈક્ષણિક સિદ્ધિને વધાવી સૌ સ્નેહીજનોએ તેમને ભવિષ્યમાં વધુને વધુ સફળતા પ્રાપ્ત કરવા માટે શુભેચ્છાઓ આપી છે.



### વસોમાં બ્રહ્માકુમારીઝ દ્વારા ૯૦ વર્ષની ઉજવણી નિમિત્તે 'વિશ્વ શાંતિ મહાયાત્રા'નું ભવ્ય આયોજન કરાયું

**વસો |** વસો સેન્ટરના સંચાલિકા તરુબેન અને તેજલબેનના માર્ગદર્શન હેઠળ યાત્રામાં સરપંચ દીપકભાઈ દલવાડી સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં ભાઈ-બહેનો જોડાયા હતા. આ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલા યોગ સત્ર અને શાંતિ યાત્રા દ્વારા સમાજમાં માનવ મૂલ્યો, એકતા, સૌહાર્દ અને વિશ્વ શાંતિનો સકારાત્મક સંદેશ પહોંચાડવામાં આવ્યો હતો. યોગાભ્યાસ દ્વારા શારીરિક-માનસિક સ્વાસ્થ્યના મહત્વ પર ભાર મૂકી, ઉપસ્થિત સૌએ વિશ્વમાં શાંતિ, પ્રેમ અને ભાઈચારાની ભાવના મજબૂત બને તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.



### યુનિહેલ્થ હોસ્પિટલ્સ યુગાન્ડાની વિક્ટોરિયા હોસ્પિટલમાં હિસ્સો વધારશે, શેર-સ્વેપ દ્વારા આંતરરાષ્ટ્રીય વિસ્તરણને મળશે વેગ

**વડોદરા |** એનએસઇ ઇમર્જ પર લિસ્ટેડ ઇન્ટિગ્રેટેડ હેલ્થકેર સર્વિસ પ્રોવાઇડર યુનિહેલ્થ હોસ્પિટલ્સ લિમિટેડે યુગાન્ડાની વિક્ટોરિયા હોસ્પિટલ લિમિટેડમાં પોતાની ભાગીદારી વધારવા માટે વ્યૂહાત્મક શેર-સ્વેપ યોજનાની જાહેરાત કરી છે. હાલમાં યુનિહેલ્થ પાસે વિક્ટોરિયા હોસ્પિટલમાં 50 ટકા હિસ્સો છે, જ્યારે બાકીની ભાગીદારી યુગાન્ડા સ્થિત ભાગીદારો પાસે છે. પ્રસ્તાવિત વ્યવહાર હેઠળ યુનિહેલ્થ તેના ભાગીદારોને પોતાના ઇક્વિટી શેર ફાળવીને વિક્ટોરિયા હોસ્પિટલના વધારાના શેર હસ્તગત કરશે. શેર વિનિમયનો ગુણોત્તર સ્વતંત્ર મૂલ્યાંકન અહેવાલોના આધારે નક્કી કરવામાં આવશે અને તે નિયમનકારી મંજૂરીઓને આધીન રહેશે. વિક્ટોરિયા હોસ્પિટલ યુગાન્ડામાં મહત્વપૂર્ણ હેલ્થકેર એસેટ તરીકે ઉભરી છે અને વર્ષ 2025-26 દરમિયાન તેણે મજબૂત નાણાકીય દેખાવ કર્યો છે. હોસ્પિટલની આવક વધીને 114.47 કરોડ થઈ છે, જ્યારે કરપશ્ચાત નફો 43.63 કરોડ રહ્યો છે. યુનિહેલ્થના જણાવ્યા મુજબ આ વ્યવહારથી કંપનીની સંકલિત નફાકારકતા, ઓપરેશનલ કાર્યક્ષમતા અને આફ્રિકાના ઊભરતા હેલ્થકેર બજારમાં વિસ્તરણની તકો વધુ મજબૂત બનશે.

### આણંદમાં વામનબંધુ ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીનીઓને નિ:શુલ્ક ચોપડા વિતરણ કરાયું

**આણંદ |** વામનબંધુ ફાઉન્ડેશન, આણંદ દ્વારા ભાઈલાલભાઈ આઈ. પટેલ કેળવણી સહાય યોજના અંતર્ગત ભાઈ વિનાની વિદ્યાર્થીનીઓને ફૂલસ્કેપ ચોપડાનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ દલસુખભાઈ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ યોજાયેલE આ કાર્યક્રમમાં વિવિધ જ્ઞાતિની અનેક દીકરીઓએ ઉત્સાહભેર ભાગ લઈ આ શૈક્ષણિક સેવાનો લાભ લીધો હતો. આ પ્રસંગે કૃષ્ણકાંત શાહ, ડો. ભીખુભાઈ પ્રજાપતિ, શંકરલાલ મંડોરા, ગીતાબેન શુક્લ, અલ્પાબેન ત્રિવેદી અને મનીષાબેન સોલંકી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટી દીપકભાઈ શાહે દાતાઓનો આભાર માન્યો હતો, જ્યારે રાજેશ પટેલ, બાબુભાઈ ભોઈ અને મહેશભાઈ ઘગટ જેવા સભ્યોએ આ વિતરણ વ્યવસ્થામાં સહયોગ આપ્યો હતો.

